# ગાંધીકથા ગીતો ગાઈ નારાયણ દેસાઈ સ્મૃતિ દિવસની ઉજવણી કરાઈ

ચિલોડા,તા. ૨૬

ગૂજરાત વિદ્યાપીઠ - મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના સંયોજક રમેશભાઈ પટેલના આયોજનથી આદરણીય નારાયણભાઈ દેસાઈ સ્મૃતિદિન ઉજવણી પ્રસંગે સંકુલના સરદાર ઉપાસના મંદિરમાં ગાંધીકથા ગીતો ગવાયાં.

રામકથા અને શ્રીમદ્ ભાગવત કથાકારો તો અનેક છે. પરંતુ ગાંધી કથાકાર તો એક જ છે એવા ગાંધીકથાકાર નારાયણ દેસાઈએ ગાંધીકથા રસમય બને, ગાંધીકથામાં લોકભાગીદારી વધે, સમાજ-રાજય-રાષ્ટ્રમાં ગાંધીકથા દ્વારા ગાંધીવિચારોનો બહોળો ફેલાવો થાય, કોમી એકતા મજબૂત બને, સામાજિક સમરસતા બની રહે તે હેતુથી ગાંધીકથામાં



ગાંધીગીતો ગવાતાં જે આ પ્રસંગે ગાંધીગીતો ગાવાનું સુંદર કાર્ય ગાંધીકથા ગીત ગૂંજન ટૂંકડીએ કર્યું હતું.

જેમાં જગદીશ પરીખ, ડૉ. ગેલજી ભાટીયા, ડૉ. ગાયત્રી દત્ત મહેતા, વસંતી પરમાર સાથે સ્મિતા ગામિત જોડાયા હતા.

તાલબદ્ધ ગાંધીગીતો ગવાયા જેના શબ્દો છે - ગાંધીનો જીવનમંત્ર, ગાંધીનીતિનાં પગથિયાં, પ્રતિજ્ઞાપાલન, દક્ષિણ આફ્રિકામાં સાધના, ગિરિમિટિયાઓની કૂચ, કોણ તે બીકને ભગાડી, દેવના દર્શને ચાલ્યા, ગાંધી ગામડે આવ્યો રે..., નારી જાગરણ, કોઈથી અમે ડરીએ ના, ક્ષમા કરે તે શૂરા રે... ભાઈ, જેવા ગાંધી ગીતોની રમઝટ સાથે નારાયણભાઈ દેસાઈ સ્મૃતિ દિનની ઊજવણી કરાઈ હતી.

# શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજનું ગૌરવ

ગાંધીનગર,તા. ૨૬

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના ગુજરાતી વિભાગની વિદ્યાર્થીની કુ. મીર શાહિનબેન સિરાઝભાઈ વર્ષ ૨૦૨૦માં લેવાયેલ તૃતીય વર્ષ બી.એ. (સેમેસ્ટર-૬)ની પરીક્ષામાં સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થયેલ છે. તે બદલ અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુક હરિભાઈ ચૌધરી, સમગ્ર ટ્રસ્ટીઓ, કૉલેજના આચાર્ય ડૉ.



એમ.એમ. ચૌધરી, ગુજરાતી વિભાગ તથા સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. સાથે કુ. દેવાણી હિમાંશી પ્રવીણભાઈ પણ ગુજરાતી વિષયમાં યુનિવર્સિટી કક્ષાએ એકથી પચાસમાં અવ્વલ ક્રમાંકે ઉત્તીર્ણ થયેલ છે. બંનો વિદ્યાર્થીઓને સંસ્થા અને કૉલેજનું ગૌરવ વધાર્યું છે.



શ્રી મનોરંજન મ્યુઝીકલ સ્ટુડીયો આયોજીત 'મેરી આવાઝ સુનો' (કરાઓકે-ક્લબ) દ્વારા મહાન પાર્શ્વગાયક સ્વ. મો. રફી સાહેબની ૯૬મી જન્મજયંતિ નિમીતે સ્વરાંજલી આપવા માટે કરાઓકે સંગીત સ્પર્ધા-૨૦૨૦ ના કાર્યક્રમની ઉજવણી શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડીયો, કુડાસણ, ગાંધીનગર ખાતે કરવામાં આવી. આ સ્પર્ધામાં ગાંધીનગર તેમજ આજુ-બાજુનાં ગામ-શહેર નાં સ્પર્ધકો એ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. જેમાં જજ તરીકે શ્રીમતિ વર્ષા કુલકર્ણી (ખુશ્બુ ગુજરાત કી) હાજર રહીને યોગ્ય ન્યાય આપ્યો હતો. કાર્યક્રમનાં અંતે વિજેતા ૧૧-સ્પર્ધકોને ટોફી આપવામાં આવી હતી.

# એસ. વી. શાળામાં ઉજવાયો ઓનલાઈન ફેમિલી સ્પોર્ટ્સ ડે

ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં ઓનલાઈન ફૅમિલી સ્પોર્ટ્સ ડે ઉજવાઈ ગયો, જેમાં શિક્ષિકાઓએ બાળકોને અવનવી રમતોના વિડિયો બનાવીને મોકલ્યા હતા. બાળકોએ ફાઈન્ડ ધ ચોકલેટ, હિટ ધ ગ્લાસ, બ્લાસ્ટ ધ બલૂન, કલર કલર વિચ કલર ?, ટેઈક ધ થિંગ, લેમન એન્ડ સ્પૂન, મ્યુઝિકલ ચેર જેવી રમતો રમીને તેના વિડિયો અને ફોટા પોતાના શિક્ષિકાઓને મોકલ્યા હતા.


બાળકોએ આ રમતોમાં પોતાના મમ્મી-પપ્પા, દાદા-દાદી, અને ભાઈ-બહેનને પણ સામેલ કર્યા હતા. આમ, પૂરા પરિવારે આ ઈવેન્ટમાં એક સાથે ભાગ લઈને ખૂબ જ આનંદ કર્યો હતો અને પરિવાર ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ભાગ લેનાર સૌએ શાળા મેનેજમેંટની વિનંતીને માન આપીને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કર્યું હતું અને માસ્ક પણ પહેર્યા હતા.





ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ૨૪મી ડિસેમ્બરે ઓનલાઈન 'ક્રીસમસ ડે' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રી-પ્રાઈમરીના બાળકોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. ઉજવણીની સાથે સાથે નાના ભૂલકાંઓએ સાંતાક્લોઝનો પહેરવેશ ધારણ કરીને 'ક્રીસમસ ડે' ની શુભેચ્છાઓ પાઠવી હતી.

# એસ.એસ.વી કેમ્પસ, સેક્ટર-૩ વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રીય ગ્રાહક દિવસની ઉજવણી




ગાંધીનગર,તા. ૨૪


૨૪ ડિસેમ્બર ૧૯૮૪ નો દિવસ ભારત માટે એક ઐતિહાસિક દિવસ બની ગયો હતો કેમકે આ દિવસે આપણા પૂર્વ રાષ્ટ્રપતિ જ્ઞાની જેલસિંઘ દ્વારા આ દિવસને રાષ્ટ્રીય ગ્રાહક દિવસ તરીકે સ્વીકારવામાં આવ્યો હતો.

આ દિવસ અંતર્ગત ગાંધીનગર ખાતે આવેલ એસ.એસ.વી કેમ્પસના વિદ્યાર્થીઓએ ગ્રાહકોને તેના હકો સમજાવવા માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરી હતી જેમાં વિદ્યાર્થીઓએ ગ્રાહકના હકો દર્શાવવામાં દર્શાવતા ચાર્ટ, ચિત્ર તથા ગ્રાહક સતર્ક રહેવા માટે 'જાગો ગ્રાહક જાગો' પર સ્પીચ આપી હતી.

# સરકારી વિજ્ઞાન કૉલેજ ખાતે ગણિત દિવસની ઊજવણી

ગાંધીનગર,તા. ૨૬

રાષ્ટ્રીય ગણિત દિવસની ઊજવણીના ઉપક્રમે સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫ ગાંધીનગરના ગણિતશાસ્ત્ર વિભાગ દ્વારા "Advances in




Mathematics" પર એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ સેમીનારની શરૂઆતમાં કોલેજના આચાર્યશ્રી ડો. એમ. જી. ભટ્ટ સાહેબે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા એન. એન. માધુ સાહેબ (અધિક કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર), આમંત્રિત વકતાઓ તથા ગુજરાતની વિવિધ કોલેજોમાથી ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોનું હાર્દિક સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ એન એન માધુ સાહેબે ગણિતશાસ્ત્ર વિભાગ તથા કોલેજ ને આ સેમીનાર યોજવા બદલ અભિનંદન પાઠવ્યા હતા તથા રાષ્ટ્રીય ગણિતદિવસ ના મહત્વ તેમજ ભારતનું ગણિત ક્ષેત્રે પ્રદાન વિષે માહિતી આપી હતી.

સેમીનારમાં કુલ ત્રણ વ્યાખ્યાનો આપાવામાં આવેલ હતા. જેમાં ગાંધીનગર ના ફેકલ્ટી ડો. સંજય અમૃતિયાએ "Transcendence of Pi", સરદાર પટેલ યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડો. જય મહેતાએ "Introduction to Cryptography : Origin, History, Overview", તથા સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના ગણિતશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડો. યોગીતા પરમારે "ગણિતશાસ્ત્રમાં લેવાનાર વિવિધ સ્પર્ધાત્મક પારીક્ષાઓ" વિષે સર્વોને માહિતગાર કર્યા હતા. સેમીનારનું આયોજન ગણિતશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. બી. કે. ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ડો ભાવિન પટેલ તથા મમતા અમૃતિયાએ કોલેજ ના પ્રાધ્યાપકોના સહકારથી કર્યુ હતું. કાર્યક્રમના અંતમાં મીના મૂલચંદાનીએ સર્વેની આભારવિધિ કરીને કાર્યક્રમને સમાપ્ત જાહેર કર્યો હતો.

# બાલાછડી સૈનિક શાળા ખાતે ૫૯મા વાર્ષિક દિનની ઉજવણી કરવામાં આવી



ગાંધીનગર, તા. ૨૬

જામનગરમાં આવેલી બાલાછડી સૈનિક શાળા ખાતે ૨૪ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ ૫૯મા વાર્ષિક દિવસની ઓનલાઈન ઉજવણી કરવામાં આવી હતી. બાલાછડી સૈનિક શાળાના ભૂતપૂર્વ તાલીમાર્થી પીઢ એર માર્શલ એસ.સી. મુકુલ PVSM, AVSM, VM, VSM આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા.

દીપ પ્રાગટ્ય સાથે આ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો અને ત્યારબાદ સરસ્વતી વંદના કરવામાં આવી હતી. બાલાછડી સૈનિક શાળાના આચાર્ય ગ્રૂપ કેપ્ટન રવિન્દસિંહે શાળાનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો જેમાં શાળાની મુખ્ય સિદ્ધિઓ અને સશસ્ત્ર દળોમાં અધિકારી તરીકે નિયુક્તિ મેળવવા માટે ગુણવત્તાપૂર્ણ શિક્ષણ આપવાના શાળાના મિશન પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આચાર્યએ એમ પણ જણાવ્યું હતું કે, શાળા પ્રશાસન વર્તમાન પ્રણાલીમાં બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવું, નવી શૈક્ષણિક પદ્ધતિઓ અપનાવવી અને વર્તમાન સુવિધાઓ અપડેટ કરવી વગેરે વિવિધ આવિષ્કારો લાવીને શિક્ષણના ધોરણોમાં સુધારો કરવા માટે સતત પ્રયત્નશીલ છે. વાર્ષિક અહેવાલના પ્રેઝન્ટેશન બાદ, મંત્રમુગ્ધ કરતો વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમ "બેન્ડવિથ" યોજાયો હતો જેમાં સરસ્વતી વંદના, રાષ્ટ્રભક્તિની સંગીતમાળા, નૃત્યુ અને સ્કીટ સામેલ કરવામાં આવ્યા હતા. કેડેટ્સે આ બધા જ પરફોર્મન્સ દૂરસ્થ અને ઓનલાઈન માધ્યમથી આપ્યા હતા.

# સિધ્ધભૂમિ ગિરનાર ખાતે દત્ત જયંતિના પવિત્ર પ્રસંગે મા અંબાજીની મહાપૂજા અને દત્ત યજ્ઞનું આયોજન

ગાંધીનગર,તા. ૨૬

પવિત્ર યાત્રાધામ ગિરનાર પર્વત પર બિરાજમાન મા અંબાજીની શક્તિપીઠ ખાતે મંગળવાર, તા.૨૯-૧૨-૨૦૨૦ના રોજ માગશર સુદ પૂર્ણિમા ના દિવસે દત્ત જયંતિની ઉજવણીના પવિત્ર પ્રસંગે મા અંબાની મહાપૂજા તથા જીર્ણોધ્ધાર કરવામાં આવેલી નૂતન યજ્ઞશાળામાં દત્ત યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે વિગત આપતાં મહંત મોટા પીર બાવા પૂ.તનસુખગીરીજી મહારાજ અને મહંતશ્રી નાના પીર બાવા પૂ.ગણપતગીરીજી મહારાજ જણાવે છે કે આ પવિત્ર સ્થળે ઉડન ખટોલા રોપવે યોજનાનું માન.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે ઈ-લોકાર્પણ થયા પછી એક લાખથી વધુ અબાલ-વૃધ્ધ શ્રધ્ધાળુઓ દર્શન કરીને ધન્ય થયા છે. આ ૨.૩ કી.મી.નો રોપવે મંદિરને જોડતો દુનિયાનો સૌથી લાંબો રોપવે છે. આ ધાર્મિક અનુષ્ઠાનનો પ્રસાદ માન.વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આશીર્વાદ સ્વરૂપે મોકલવામાં આવશે.

આ ધાર્મિક સમારંભમાં ઉપસ્થિત રહેનાર તમામ શ્રધ્ધાળુઓને બંને મહંતશ્રીએ સરકારી (કોવિડ-૧૯)ના નિયમ મુજબ ઉપસ્થિત રહેવા નમ્ર વિનંતી કરી છે. આ સમારંભ સવારે ૯.૩૦ થી બપોરના ૧૨.૩૦ દરમ્યાન અંબાજી મંદિર, ગિરનાર, જૂનાગઢ ખાતે યોજાશે.

## જન્મદિને વધામણી




હાર્દિજ્ઞ ધનંજય જોષી
મો. ૯૮૨૪૩ ૪૩૦૩૮



ભવ્ય પટેલ
મો. ૮૫૧૧૧ ૦૦૧૯૦



વિધિ નિકુલસિંહ બિહોલા
મો. ૯૯૭૪૫ ૨૫૬૨૮



વિઆન વિશાલકુમાર ગોહિલ
મો. ૯૬૮૭૧ ૮૯૬૫૫



રિદ્ધિ ચિરાગ ઠાકોર
મો. ૭૬૦૦૫ ૨૫૪૫૨



પ્રિયાંશી કલ્પેશ સાગર
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



માસ્ક પહેરો... સ્વસ્થ રહો...